**ક્ષેત્રિય અનુસંધાન કેન્દ્ર**
**ભા.કૃ.અ.પ.- કેન્દ્રિય મીઠા પાણી જીવપાલન અનુસંધાન સંસ્થાન**
**આણંદ, ગુજરાત**

## <u>રંગીન માછલીઓના પ્રજનન અને ઉછેર પર તાલીમ કાર્યક્રમ</u>

ભા.કૃ.અ.પ.ની કેન્દ્રિય મીઠાપાણી જીવપાલન અનુસંધાન સંસ્થાના આણંદ ખાતે આવેલ ક્ષેત્રિય સંશોધન કેન્દ્ર દ્વારા તા. ૧૮ થી ૨૦ માર્ચ, ૨૦૧૫ દરમ્યાન રંગીન માછલીઓના પ્રજનન અને ઉછેર પર એક તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું યુવાન-યુવતીઓ રંગીન માછલીઓના પ્રજનન અને ઉછેરને લગતી તકનીકોનું જ્ઞાન મેળવે તથા ગુજરાતમાં એક રંગીનમાછલીઓનો વ્યવસાયીક એકમ ઉભો કરવા જરૂરી માર્ગદર્શન તેમજ મદદ મળી રહે તેવા હેતુઓથી આ કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો હતો. ગુજરાતના જુદા જુદા જીલ્લાઓમાંથી ૧૬ યુવાન-યુવતીઓએ તાલીમમાં ભાગ લીધેલ. આ તાલીમમાં જુદાં જુદાં વિષયો જેવા કે આર્થીક રીતે મહત્વની રંગીન માછલીઓની ઓળખ, તેનું પ્રજનન અને ઉછેર પધ્ધતિ ખોરાકનું વ્યવસ્થાપન માછલીઘરની બનાવટ, જલીય વનસ્પતિનું મહત્વ, માછલીઘરની સજાવટ, પાણીની ગુણવત્તા તથા રોગનું વ્યવસ્થાપન રંગીન માછલીઓના ઉછેર એકમો સ્થાપવા MPEDA નું યોગદાન વગેરે આવરી લેવાયા હતા. તાલીમાર્થીઓએ કાચનું માછલીઘર બનાવવું, કૃત્રિમ અને લીલો ખોરાક બનાવવો, જીવંત ખોરાકનો ઉછેર સહીતના વિષયોનું પ્રત્યક્ષ જ્ઞાન મેળવ્યું હતું

આ તાલીમ કાર્યક્રમનું ઉદ્ઘાટન આણંદ કૃષિ યુનિવર્સિટીના માન કુલપતિશ્રી, ડૉ. એન. સી. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું તેઓએ જણાવ્યું હતું કે રંગીન માછલીઓની માંગ સ્થાનીક તથા વિશ્વસ્તરે વધતી જાય છે અને તેને લીધે સારૂં એવું વિદેશી હૂંડીયામણ આજીવીકા અને રોજગારીની તકો પ્રાપ્ત કરી શકાય છે. આ ઉપરાંત આ માછલીઓ ઘરમાં શાંતી અને સુમેળ લાવે છે અને માનસીક તણાવ અને પરેશાનીઓ દુર કરે છે. ડૉ. પી. પી. પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, આ.કૃ.યુ., આણંદે તેમના ઉદબોધનમાં વધુમાં વધુ લોકોમાં જાગૃતિ લાવવા તથા તકનીકી જાણકારીમાં વધારો કરવા આવી તાલીમોનું મહત્વ સમજાવ્યું હતું શ્રી જી. સી. વાકાણી, નાયબ મત્સ્યદ્યોગ નિયામકશ્રી, ગુજરાત રાજય પણ હાજર રહયા હતા. આ પહેલાં ડૉ. સી. કે. મીશ્રા, વરિષ્ઠ વૈજ્ઞાનિકશ્રી, સીફા, આણંદે સૌ મહાનુભાવોનું સ્વાગત કર્યું હતું અને તાલીના હેતુઓ જણાવ્યા હતા

કાર્યક્રમના અંતિમ દિવસે આણંદ કૃષિ યુનિવર્સિટીના સંશોધન નિયામકશ્રી ડૉ. કે. બી. કથીરીયા હાજર રહયા હતા. તાલીમ સફળતાપૂર્વક પૂરી કરનાર તાલીમાર્થીઓને પ્રમાણપત્ર અને તાલીમ પુસ્તિકાનું વિતરણ કરવામાં આવ્યું હતું

આ તાલીમ કાર્યક્રમનું સફળતાપૂર્વક સંચાલન તેમજ આયોજન ડૉ સી. કે. મીશ્રા, વરિષ્ઠ વૈજ્ઞાનિકશ્રી; અજીત ચૌધરી, વૈજ્ઞાનિકશ્રી; ડૉ. સુભાષ સરકાર, વૈજ્ઞાનિકશ્રી; સીફા, આણંદ તેમજ શ્રી જૈમિન ભટ્ટ, વિષય નિષ્ણાંત(ફીશરીઝ), કે.વી.કે., આ.કૃ.યુ., દેવાતજ, ગુજરાત ધ્વારા કરવામાં આવ્યું હતું.



CIFA
AAU
TRAINING ON
ORNAMENTAL FISH BREEDING AND CULTURE
રંગીન માછલીઓનું પ્રજનન અને ઉછેર
ORGANISED BY
REGIONAL RESEARCH CENTRE
ICAR-CENTRAL INSTITUTE OF FRESHWATER AQUACULTURE
ATIC BUILDING, ANAND AGRICULTURAL UNIVERSITY
BORSAD CHOKADI, ANAND, GUJARAT, 388001
VENUE : CONFERENCE HALL, ATIC BUILDING, AAU, ANAND.
18 to 20 MARCH, 2015






